અંધકારને ચીરીને ઉજાસ ફેલાવતી આ લાઈટ્સ, જાણે આકાશમાંથી તારાઓ જમીન પર ઊતરી આવ્યા



■ દીવાળીને રોશનીનું પર્વ ગણવામાં આવે છે. વર્ષો પહેલા અંધકાર દૂર કરવા માટે દીવાઓ સળગાવવામાં આવતા હતાં. આ દીવા પ્રગટાવવાની પરંપરા આજે પણ યથાવત રહેવા પામી છે પરંતુ સાથે સાથે લાઇટિંગ પણ કરવામાં આવે છે. જેના કારણે સુરતની ઓળખ ટેક્સટાઇલ સિટી તરીકે ઊભી થઇ છે તેવી કાપડ માર્કેટની રોશની જોઇને એવું લાગે છે કે જાણે આકાશમાં તારાઓ જમીન પર ઉતરી આવ્યા હોય. (તસવીર : સતીષ જાદવ)

ન્યૂઝીલેન્ડમાં ડેરી સ્ટોરની લાલચ આપી હીરા દલાલ સાથે રૂ. 27 લાખની ઠગાઈ

રૂ.14.90 લાખ પરત નહીં આપી ઉઘરાણી કરતાં ધમકી આપી

સુરતઃ ન્યૂઝીલેન્ડમાં ડેરી સ્ટોર શરૂ કરી ભાગીદારીમાં ધંધો કરવાની લાલચ આપી હીરા દલાલ અને તેના પુત્ર પાસેથી રૂ.27 લાખ પડાવ્યા હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

મોટા વરાછા ખાતે ઓપેરા હાઉસમાં રહેતા 56 વર્ષીય રમેશભાઈ બાબુભાઈ સભાડિયા હીરા દલાલીનું કામ કરે છે. તેઓ અગાઉ પરિવાર સાથે ભાવનગરમાં રહેતા હતા. વર્ષ-1995થી 2021 દરમિયાન તેમના ઘરની સામે પીયૂષભાઈ રાઠોડ પરિવાર સાથે રહેતા હોવાથી બંને પરિવારો વચ્ચે ઓળખાણ હતી. રમેશભાઈના પુત્ર અજય અને પીયૂષભાઈના પુત્ર જય બાળપણના મિત્રો હતા. છેલ્લાં આઠેક વર્ષથી જય ન્યૂઝીલેન્ડમાં રહેતો હતો અને અજય સાથે સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં હતો. જયે અજયને ન્યૂઝીલેન્ડમાં ડેરી સ્ટોર શરૂ કરી ભાગીદારીમાં ધંધો કરવાની લાલચ આપી આશરે રૂ.1 કરોડનું રોકાણ કરવાનું હોવાનું જણાવી અજય પાસે રૂ.30 લાખની માંગણી કરી હતી.

વિશ્વાસમાં આવી અજયે જયના કહેવાથી ગાંધીનગરમાં રહેતા તેના મિત્રના પિતા રૂપેશભાઈને આંગડિયા પેઢી મારફતે ત્રણ હપ્તામાં રૂ.24.50 લાખ મોકલ્યા હતા, કુલ રૂ.27 લાખનું રોકાણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અવારનવાર ડેરી સ્ટોરની કામગીરી અને અજયના વિઝા અંગે પૂછપરછ કરતાં જય સ્ટોરના ભાવ વધી ગયા હોવાનું જણાવી વધુ રોકાણની માંગણી કરવા લાગ્યો હતો. એક વર્ષ જેટલો સમય વીતી જવા છતાં ન તો ડેરી સ્ટોર શરૂ થયો, ન અજયના વિઝા કરાવવામાં આવ્યા કે ન તો તેને ન્યૂઝીલેન્ડમાં નોકરી અપાવવામાં આવી. બાદમાં ડોમિનોઝમાં નોકરી અપાવવાની વાત પણ કરવામાં આવી હતી, પરંતુ તે વચન પણ પૂરું થયું નહોતું.આખરે રમેશભાઈએ રોકાણ કરેલા નાણાં પરત માંગતાં જયે અજયના બેંક ખાતામાં રૂ.2.10 લાખ ટ્રાન્સફર કર્યા હતા.

જ્યારે પીયૂષભાઈએ રૂ.5 લાખ બેંક મારફતે અને રૂ.5 લાખ રોકડા પરત આપ્યા હતા. આમ, કુલ રૂ.12.10 લાખ પરત આપી બાકીના રૂ.14.90 લાખ પરત આપવાના બાકી રહ્યા હતા. બાકી નાણાંની ઉઘરાણી કરતાં પીયૂષભાઈના મિત્ર રાજુ ભાલાળા અને તેના અન્ય બે અજાણ્યા સાથીદારોએ ફોન કરી ગાળો આપી હતી અને પીયૂષભાઈ કે તેમના પુત્ર પાસે પૈસાની માંગણી કરવા ફોન નહીં કરવાનું કહી ધમકી આપી હતી. આ મામલે ઉત્રાણ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નોકરી પર જતા કામરેજના વૃદ્ધનું બાઇક અડફેટે મોત

સુરતઃ મૂળ ભરૂચના વતની 78 વર્ષીય ખુશાલભાઇ રણછોડભાઇ પટેલ હાલમાં કામરેજ દેરોડ ગામની ધર્મનંદન સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. તેઓ વાલક પાટિયા ખાતે એક સોસાયટીમાં વોચમેન તરીકે કામ કરતા હતા. બુધવારે સાંજે ખુશાલભાઇ બાઇક લઇ નોકરીએ જઇ રહ્યા હતા. ત્યારે વાલક પાટિયા પાસે અજાણ્યા બાઇક ચાલકે તેમની બાઇકને ટક્કર મારી હતી. જેમાં ખુશાલભાઇ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. જેથી તેમને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લઇ આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શુક્રવારે સવારે તેમનું મોત થયું હતું.

૩.૧.૩૦ કરોડના ચેક રિટર્નના 3 કેસમાં બારડોલીના વેપારીને સજા ફટકારતી કોર્ટ

સુરતઃ ૧.૩૦ કરોડના ચેક રિટર્નના ત્રણ કેસમાં બારડોલીના આરોપી ભાવેશકુમાર પ્રેમજીભાઇ પટેલને દોષિત ઠેરવી કોર્ટે ત્રણેય કેસમાં ૧-૧ વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. ફરિયાદી પ્રકાશભાઇ પ્રહલાદભાઇ ગામી પાસેથી આરોપી ભાવેશકુમાર પટેલે મે-૨૦૧૯માં જમીન ખરીદી માટે નાણાંની જરૂરિયાત ઊભી થતાં રૂ.૨.૪૦ કરોડની રકમ હાથઉછીની લીધી હતી. આ રકમની ચૂકવણી પેટે આરોપીએ ૧૦ લાખની રકમના ૫૦ લાખના ૫ ચેક, ૧૦ લાખની રકમના ૩૦ લાખના ૩ ચેક તથા ૧૦ લાખની રકમના ૫૦ લાખના ૫ ચેક ફરિયાદીને આપ્યા હતા. જે ચેક બાઉન્સ થતાં ફરિયાદીએ એડ્વોકેટ મિનેશ ઝવેરી મારફતે કોર્ટમાં અલગ ત્રણ ફરિયાદ કરી હતી.

પાંડેસરાના પ્રિન્ટિંગ વેપારી સાથે રૂપિયા 13.50 લાખની ઠગાઈ

દલાલ શિવાભાઈ અને તેલંગણાની બે પેઢીના સંચાલકોએ કાપડ ખરીદી અને જોબવર્ક કરાવી પેમેન્ટ ચૂકવ્યું નહીં

સુરત : સુરતના પાંડેસરા વિસ્તારમાં પ્રિન્ટિંગ ફેબ્રિકનું કામ કરતા વેપારી હરેશભાઈ જાદવભાઈ સીસરા સાથે તેલંગણાની બે પેઢી અને એક દલાલે ગુનાઈત કાવતરું રચીને લાખો રૂપિયાની ઠગાઈ આચર્યાની ગંભીર ઘટના સામે આવી છે.

ડિસેમ્બર-2024માં દલાલ શિવાભાઈના કહેવાથી હરેશભાઈએ મિત્ર પાસેથી રૂ. 8,52,117 ની કિંમતનું કાપડ ખરીદી પોતાની ફેક્ટરીમાં રૂ. 5,48,266 નું જોબવર્ક કરાવ્યું હતું. આ તૈયાર થયેલો માલ શિવાભાઈની સૂચના મુજબ તેલંગણા ખાતે 'કાવ્યા ફેશન' અને 'એ.કે. ગારમેન્ટ' પેઢીના સરનામે મોકલાયો હતો. વેપાર દરમિયાન માત્ર રૂ. 50,000 ચૂકવાયા હતા, જ્યારે બાકીના નાણાં બાબતે આરોપીઓ અવારનવાર વાયદા કરતા હતા.

લાંબો સમય વીતવા છતાં મિત્રના કાપડના રૂ. 8,02,117 અને જોબવર્કના રૂ. 5,48,266 મળી કુલ રૂ. 13,50,383 ની માતબર રકમ ન ચૂકવી આરોપીઓએ ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. દલાલ શિવાભાઈ, કન્ના રાની સરંગમ અને અનિલકુમાર ચકિનાલાએ ભેગા મળી વિશ્વાસઘાત આચર્યાનું સ્પષ્ટ થતાં હરેશભાઈએ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

બેરિકેડ્સ હટાવાયા બાદ ખુલ્લી રહેલી અણીદાર એંગલો જોખમી બની

બેરિકેડ્સના ખુલ્લા ખીલા-એંગલથી ટાયર ફાટ્યું ને ટેમ્પો પલટી ગયો

સુરતના ઉધના-નવસારી રોડ પર અકસ્માતમાં ચાલક સહિત ત્રણને ઈજા

સુરત : ઉધના નવસારી રોડ પર એક માલવાહક ટેમ્પો અચાનક પલટી મારી ગયો હોવાની ઘટના સામે આવી છે, જેમાં ટેમ્પો ચાલક સહિત ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે અને ટેમ્પોમાં ભરેલો મૂલ્યવાન ફૂટનો માલસામાન પણ મોટા પ્રમાણમાં નષ્ટ પામ્યો છે. અગાઉ ઉધના નવસારી રોડ પર બી.આર.ટી.એસ. રૂટમાં લોખંડના બેરિકેડ્સ લગાવવામાં આવ્યા હતા, જે મનપા દ્વારા તાજેતરમાં હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ, બેરિકેડ્સ હટાવ્યા બાદ પણ રોડ પર લોખંડની અણીદાર એંગલો તેમજ ખીલાઓ ખુલ્લા અને જોખમી રીતે બહાર જ રહી ગયા હતા. જ્યારે ટેમ્પો આ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેનું ટાયર રોડ પર અસુરક્ષિત રીતે બહાર નીકળેલી આ લોખંડની એંગલમાં ફસાઈ ગયું હતું અને ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો રસ્તા પર જ પલટી મારી ગયો હતો.



ગાડીના ટાયર રોડ પર નીકળેલી ગ્રીલ અને ખીલાને કારણે ફસાઈ ગયા: ચાલક

આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ટેમ્પો ચાલક અર્જુનભાઈએ કહ્યું હતું કે ગાડીના ટાયર આ રોડ પર બહાર નીકળેલી ગ્રીલ અને ખીલાઓના કારણે ફસાઈ ગયા હતા, જેના લીધે ગાડી પલટી થઈ ગઈ હતી અને ટેમ્પોમાં સવાર ત્રણ પૈકી બે-ત્રણ જણાને હાથ તેમજ શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી છે.

કારખાનામાં લિફ્ટ તૂટી પડતાં ચાર કામદાર નીચે પટકાયા, ત્રણને ઈજા

ઉધના રોડ નંબર-3 પર બનેલી ઘટના, પોલીસે મીડિયા કર્મીના ફોન ઉપાડ્યા ન હતા

સુરતઃ ઉધના વિસ્તારમાં કારખાનામાં કામ દરમિયાન લિફ્ટ અચાનક તૂટી પડતાં ચાર કામદારો નીચે પટકાયા હતા. આ ઘટનામાં ત્રણ કામદારને ઈજા પહોંચતાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળેલી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં ઉન પાટિયા ખાતે તિરુપતિનગરમાં રહેતા 26 વર્ષીય શેહજાદ મુસ્તાક શાહ સહિત ચાર કામદારો ગુરુવારે બપોરે ઉધના ધરતી નમકીન પાસે રોડ નંબર-3 પર આવેલા કારખાનામાં કામ કરી રહ્યા હતા. દરમિયાન અચાનક લિફ્ટ તૂટી પડતાં ચારેય કામદારો નીચે પટકાયા હતા. આ બનાવમાં શેહજાદ ઉપરાંત મોહમ્મદ મુરતાફિન સાહદીન આલમ શાહ (ઉં.વ.22) અને મોહમ્મદ પરવેઝ આલમ મોહમ્મદ ઈફતેકાર અન્સારી (ઉં.વ.35)ને ઈજા પહોંચી હતી. ત્રણેય ઈજાગ્રસ્તને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ચોથા કામદાર અનિલ બાગુલ (ઉં.વ.42)ને નાની-મોટી ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ બાબતે વધુ માહિતી મેળવવા માટે ઉધના પોલીસના પીએસઓ વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ તેઓએ ફોન ઉપાડ્યા ન હતા.

ચૌટા બજારમાં શૂઝ-બેગની દુકાનના બેઝમેન્ટમાં આગ લાગતા દોડાદોડી

તૈયબ પ્લાઝાની ગ્લોરા શૂઝ એન્ડ બેગ્સમાં આગથી માલસામાન બળીને ખાખ

સુરત : શહેરના સૌથી વ્યસ્ત ખરીદી વિસ્તારોમાંના એક ચૌટા બજારમાં શુક્રવારે સવારે શૂઝ અને બેગની દુકાનમાં અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી.

શુક્રવારે સવારે 10:50 કલાકે ચૌટા બજારમાં તૈયબ પ્લાઝાના બેઝમેન્ટના બીજા માળે આવેલી ગ્લોરા શૂઝ એન્ડ બેગ્સ નામની દુકાનમાં આગ લાગી હતી. બનાવને પગલે વેપારીઓ અને સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર સબ ઓફિસર બળવંતસિંહના જણાવ્યા મુજબ, કોલ મળતાં જ તાપીપુરા ફાયર



બ્રિગેડની ટીમ પીસીઆર, મિની ટેન્ડર અને વોટર ટેન્કર સાથે સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ સતત પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી હતી અને ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો.

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને દુકાનમાં બુટ-ચંપલ અને બેગનો મોટો જથ્થો સ્ટોર કરવામાં આવ્યો હતો. આગની લપેટમાં આવતાં કેટલોક માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

TSRS પોર્ટલ પર નોંધણી કરાવવા ચેમ્બરની અપીલ

સુરતઃ ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, સુરત દેશના અગ્રણી ટેક્સટાઇલ ઉત્પાદન કેન્દ્રોમાં સ્થાન ધરાવે છે. દેશના કાપડ ઉદ્યોગની વાસ્તવિક ઉત્પાદન ક્ષમતા, કામગીરી અને આંકડાકીય માહિતી એકત્રિત કરવાના હેતુથી કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલયે TSRS પોર્ટલ કાર્યરત કર્યું છે. આ પોર્ટલ પર નોંધણી કરાવનારા એકમોનો ડેટાબેઝ ભવિષ્યમાં સરકારની નીતિઓ ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આગામી સમયમાં કાપડ મંત્રાલય દ્વારા જાહેર થનારી વિવિધ સરકારી પ્રોત્સાહક યોજનાઓ, ટેક્નોલોજી અપગ્રેડેશન માટેની સહાય અને અન્ય આર્થિક લાભો મેળવવા TSRS પોર્ટલ પર નોંધણી મહત્ત્વપૂર્ણ બની શકે છે. તેથી ઉદ્યોગકારોએ આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ.

હવે હોટફિક્સનો નિકાલ સરળ બનશે ઉપાડ માટે યુનિટ રેટ નક્કી કરી દેવાયા

વરાછામાં 23 ટ્રેક્ટર ભાડે રાખવાની રૂપિયા 42.78 લાખની દરખાસ્ત સ્થાયી સમિતિમાં મંજૂર

સુરત : સુરત શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન સિવાય હોટફિક્સ સહિતના ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટના ઉપાડ માટે મનપાએ પ્રતિ ટ્રેક્ટર રૂપિયા ૩૧૦૦નો યુનિટ રેટ નક્કી કર્યો છે.

વરાછા વિસ્તારમાં હોટફિક્સ અને ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટના નિકાલ માટે ૨૩ ટ્રેક્ટર ભાડે રાખવાની રૂપિયા ૪૨.૭૮ લાખની દરખાસ્ત સ્થાયી સમિતિની બેઠકમાં મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરી સાથે જ વરાછા, પૂણા સહિત શહેરના અન્ય વિસ્તારોમાંથી નીકળતા હોટફિક્સ અને ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટના ઉપાડ માટે પણ આગામી દિવસોમાં આ જ શરતો અને જોગવાઈઓના આધારે રૂપિયા ૩૧૦૦ના યુનિટ રેટથી કામગીરી સોંપવાનો માર્ગ મોકળો થયો છે.

મનપાના ઈસ્ટ ઝોન-એ (વરાછા) વિસ્તારમાંથી દૈનિક અંદાજે ૪૫થી ૫૦ મેટ્રિક ટન હોટફિક્સ પ્લાસ્ટિક વેસ્ટ નીકળે છે. નવી રેસિડેન્શિયલ સોસાયટીઓ, કોમર્શિયલ પ્રવૃત્તિઓ અને ગૃહઉદ્યોગોના વધારા સાથે આ પ્રકારના કચરાનું પ્રમાણ વધતાં તેના સમયસર નિકાલ માટે વધારાનાં વાહનોની જરૂરિયાત ઊભી થઈ હતી. આથી હાઇડ્રોલિક ટીપિંગ ટ્રેલર અને છ મજૂરો સહિતનાં ૨૩ ટ્રેક્ટર મહત્તમ ૬૦ દિવસ માટે ભાડે રાખવાની દરખાસ્ત રજૂ કરાઈ હતી, જેને હવે મંજૂરી મળી છે.

શહેરભરમાં એકસરખા ભાવથી કામગીરીનો માર્ગ

વરાછા પૂરતી મર્યાદિત આ દરખાસ્તની મંજૂરીથી શહેરના અન્ય વિસ્તારોમાં પણ હોટફિક્સ સહિતના ઇન્ડસ્ટ્રિયલ વેસ્ટના ઉપાડ માટે રૂપિયા ૩૧૦૦નો યુનિટ રેટ આધારરૂપ બનશે. ડોર ટુ ડોર કલેક્શનથી અલગ આ પ્રકારના કચરાના ઉપાડ માટે આગામી દિવસોમાં જરૂરિયાત મુજબ ઇજારદારોને આ જ શરતો અને જોગવાઈઓના આધારે કામગીરી સોંપવામાં આવશે. આમ, શહેરના વિવિધ ઝોનમાં ઇન્ડસ્ટ્રિયલ વેસ્ટના ઉપાડ માટે એકસરખા યુનિટ રેટથી વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં મનપાએ નિર્ણય લીધો છે.

યંગસ્ટર્સને પરંપરાગત નાસ્તો ગમે છે પરંતુ તેમાં ફ્યુઝન જોઈએ છે!

દિવાળી આવતા જ સુરતીઓના ઘરોમાં નાસ્તા બને છે પરંતુ તેમાં હવે વિકલ્પ અપનાવાય રહ્યા છે

સુરતઃ દિવાળી આવતા જ સુરતીઓના ઘરોમાં પરંપરાગત નાસ્તા બનવાની શરૂઆત થઈ જાય છે. ચેવડો, ચકરી, મઠિયા, ખડખડીયા, ચોળાફળી, શક્કરપારા, મોહનથાળ, મગજ અને ઘૂઘરાની સુગંધ હવે ઘર-ઘરમાંથી આવવા લાગી છે. જોકે, અત્યારના યુવાનોને પરંપરાગત સ્વાદ કરતાં ફ્યુઝન ટેસ્ટ વધુ પસંદ આવે છે. આ બદલાતા ટેસ્ટને ધ્યાનમાં રાખીને પરંપરાગત દેશી નાસ્તામાં ફ્યુઝનનો તડકો લગાવવામાં આવી રહ્યો છે. પરંપરાગત ચેવડામાં પાસ્તા ચેવડો અને પેરી-પેરી શક્કરપારા જેવા વિકલ્પો તેમજ હેલ્થ ફ્રીક્સને ધ્યાનમાં રાખીને બેક્ડ નાસ્તા દિવાળીના ફૂડ ટ્રેન્ડને નવો રંગ આપી રહ્યા છે. ચાલો, દિવાળીના કયા પરંપરાગત નાસ્તા અને મીઠાઈઓ હવે ફ્યુઝન ટેસ્ટમાં બદલાઈ રહ્યા છે તેની ચટપટી વાતો આ આર્ટિકલ દ્વારા જાણીએ...



દિવાળી પર ચોકલેટ ઘૂઘરાનો વધતો ક્રેઝ

ગુજરાતીઓના ઘરે ઘૂઘરા વગર દિવાળીનો તહેવાર અધૂરો ગણાય છે. સામાન્ય રીતે દિવાળી પર માવા કે રવાના ઘૂઘરા બનાવવામાં આવે છે, પરંતુ બદલાતા સમય સાથે મીઠાઈઓમાં પણ ફ્યુઝનનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. પરંપરાગત મીઠાઈઓ ઉપરાંત મહેમાનો અને બાળકોને આકર્ષવા માટે હવે વિવિધ ફ્લેવરની ચોકલેટ્સ પસંદ કરવામાં આવે છે, જેના કારણે 'ચોકલેટ ઘૂઘરા'નો ટ્રેન્ડ લોકપ્રિય બન્યો છે. તેમાં ડ્રાયફ્રૂટ્સની સાથે બારીક સમારેલી ડાર્ક ચોકલેટ કે ચોકલેટ ચિપ્સ ઉમેરવામાં આવે છે. મેંદામાંથી બનાવેલા આ ઘૂઘરાને ગોલ્ડન બ્રાઉન તળ્યા બાદ, ઠંડા પડ્યા પછી તેની ઉપર ચોકલેટ સીરપ ડ્રિઝલ કરવામાં આવે છે. બાળકોને આ ઘૂઘરા ખૂબ ટેસ્ટી લાગે છે અને તેનાથી તહેવારની મજા બમણી થઈ જાય છે.

પેરી-પેરી ચકરી: આધુનિક અને ચટાકેદાર ટ્વિસ્ટ



પેરી-પેરી ચકરી એ દિવાળીના પરંપરાગત નાસ્તામાં એક આધુનિક અને ચટાકેદાર ટ્વિસ્ટ છે. સુરતીઓના ઘરોમાં સામાન્ય રીતે દિવાળી દરમિયાન સાદી કે મસાલા ચકરી બનાવવામાં આવે છે, પરંતુ અત્યારના યુવાનોને ટેન્ગી (ખાટી-તીખી) પેરી-પેરી ફ્લેવર વધુ ભાવે છે. આ જ કારણે નાસ્તામાં પેરી-પેરી ચકરીનો ટ્રેન્ડ શરૂ થયો છે. ચકરી ગરમ હોય ત્યારે જ તેની ઉપર પેરી-પેરી મસાલો સ્પ્રિંકલ કરીને તેને વધુ સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે.

કાજુ કતરી ટ્રફલ્સ: સ્વાદમાં બેમિસાલ અને દેખાવમાં આકર્ષક



સુરતીઓના ઘરોમાં દિવાળી પર કાજુ કતરી ન હોય તેવું બની જ ન શકે. 'કાજુ કતરી ટ્રફલ્સ' એ પરંપરાગત ભારતીય મીઠાઈ કાજુ કતરીનું એક આધુનિક અને સોફ્ટ સ્વરૂપ છે, જેને ચોકલેટ કે સ્ટ્રોબેરી કશ સાથે મિક્સ કરીને ટ્રફલ્સ જેવા ગોળ આકારમાં બનાવવામાં આવે છે. તેમાં કાજુ કતરીના ટુકડા, મલાઈ અને સ્ટ્રોબેરીનો કશ હોય છે. આ ટ્રફલ્સને ઓગળેલી મિલ્ક ચોકલેટમાં ડૂબાડીને કોટ કરવામાં આવે છે.

રસમલાઈ ટ્રેસ લેચેસ કેક: ભારતીય અને લેટિન અમેરિકન ડિઝર્ટનું અદભૂત ફ્યુઝન



આ મીઠાઈ ભારતીય રસમલાઈ અને લેટિન અમેરિકન ડિઝર્ટ 'ટ્રેસ લેચેસ'નું અદભુત ફ્યુઝન છે. આ કેકને ફ્રિજમાં ઠંડી કરીને ખાવામાં આવે ત્યારે તેનો સ્વાદ અસલી રસમલાઈ જેવો જ લાગે છે. યુવા પેઢીની પસંદગીને ધ્યાનમાં રાખીને આ ફ્યુઝન ડિઝર્ટનો ટ્રેન્ડ સુરતમાં જોવા મળી રહ્યો છે. આમાં કન્ડેન્સ્ડ મિલ્ક, ઇવાપોરેટેડ મિલ્ક (અથવા ક્રીમ) અને ફૂલ ફેટ દૂધમાં કેસર, એલચી અને પિસ્તાનો પાવડર ઉમેરીને ખાસ રસમલાઈવાળું દૂધ તૈયાર કરવામાં આવે છે.

ચોકલેટ કેક વિથ કાજુ કતરી અને ડાર્ક ચોકલેટ કાજુ કતરી

'ચોકલેટ કેક વિથ કાજુ કતરી' એકદમ નવીન અને ટ્રેન્ડી ફ્યુઝન રેસિપી છે. જેમાં ચોકલેટના રિચ ટેસ્ટ સાથે કાજુ કતરીનો સ્વાદ ઉમેરવામાં આવે છે. ઠંડી થયેલી ચોકલેટ કેક પર ગરમ કે લિક્વિડ ચોકલેટ ફેલાવવામાં આવે છે અને કેકના લેયર વચ્ચે કાજુ કતરીના ટુકડા ગોઠવવામાં આવે છે. આ ઉપરાંત, જેને ડાર્ક ચોકલેટનો સ્વાદ ગમે છે તેમના માટે 'ડાર્ક ચોકલેટ કાજુ કતરી' પણ ખાસ ટ્રેન્ડમાં છે.



પરંપરાગત ચેવડામાં પાસ્તા ચેવડાનો મોર્ડન ટેસ્ટ

ઇટાલિયન પાસ્તા હવે ભારતીય વાનગીઓમાં પણ સ્થાન પામી ચૂક્યા છે. બાળકો અને યુવાનો દિવાળીનો નાસ્તો મનભરીને માણી શકે તે માટે પરંપરાગત ચેવડાને મોર્ડન ટચ આપીને 'પાસ્તા ચેવડો' બનાવવાનો ટ્રેન્ડ સુરતમાં જોવા મળી રહ્યો છે. પાસ્તાને ક્રિસ્પી બનાવીને તેમાં મીઠો લીમડો, કાજુ, દાળિયા, ચાટ મસાલો, લાલ મરચું અને હળદર ઉમેરીને ચટપટો સ્વાદ આપવામાં આવે છે. કેટલાંક લોકો તેમાં પેરી-પેરી ફ્લેવર પણ ઉમેરે છે. આ ઉપરાંત, કોર્નફ્લેક્સ, નટ્સ અને વિવિધ સીડ્સ ઉમેરીને પણ પાસ્તા ચેવડો ફ્યુઝન ટેસ્ટમાં તૈયાર કરવામાં આવે છે.

